NAU-001-003209 Seat No. _______

# B. J. M. C. (Sem. II) (CBCS) Examination

March / April - 2017

## Translation & Language Improvement

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 003209**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ નીચેના ફકરાનો ગુજરાતી અથવા હિન્દીમાં અનુવાદ કરો : ૧૪

STUDENTS ISLAMIC MOVEMENT OF INDIA (SIMI) Chief Safdar Nagori and 10 other activists of it were awarded life imprisonment. They were convicted in a 2008 sedition case by a special court here. Special additional sessions Judge B.K. Paloda pronounced all the 11 SIMI activists guilty. They were convicted under IPC sections 124 (A) and 153 (A). They were informed about the court's judgment through video - conferencing. Nagori is 45 year old while others are younger than him.

Nagori and six others were also convicted under IPC section 122. The court's judgement is 84 page long. Which came on Monday. It has made a very strong observation about these convicts' unlawful activities. 10 of the accused were lodged in Ahmedabad's Sabarmati Central Jail. The prosecution had produced 27 witnesses as evidence to prove crime against the SIMI activities.

**અથવા**

Two militants and a policeman died in a 12 hour gunbattle at Tral in South Kashmir. One of the militants was a Hizbul Muzahideen operative who was identified as Acquib Bhat. He was allegedly active in the area for the last three years. The other militant was Saif-ul-lah alias Osama, official sources said. Manzoor Ahmed Naik, a police constable of Uri was also killed in the gunbattle. The encounter started at 7 p.m. on Saturday continued till 6.30 the next morning, officials said. 'Manzoor was a brave soldier of the special operations group of J&K police and fought very well. The operation was conducted in a very professional manner.' DGP of the state S.P. Vaid said.

૨ નીચેના ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : **૧૪**

રેલવે તંત્ર દ્વારા સૌરાષ્ટ્રને વારંવાર અન્યાય કરવામાં આવે છે. નવી ટ્રેનો અન્ય ડિવિઝનને ફાળવવામાં આવે છે, પરંતુ રાજકોટ કે ભાવનગર ડિવિઝનને નહીં. એ જ પ્રકારે ટ્રેનોની ફ્રિક્વન્સી વધારવાની માંગણી પણ સંતોષાતી નથી. રેલવે મંત્રાલય દ્વારા ૭ નવી અંત્યોદય ટ્રેન દોડાવવા જાહેરાત કરવામાં આવી તેમાં પણ સૌરાષ્ટ્રનો સમાવેશ કરાયો નથી.

ગુજરાતને એક ટ્રેન મળી છે જે ઉધનાથી જયનગર વચ્ચે દોડશે પણ સૌરાષ્ટ્રને અન્યાય કરી અંત્યોદય એક્સપ્રેસ ફાળવાઈ નથી. રાજકોટ, હરિદ્વાર ટ્રેનને સપ્તાહમાં બે વાર દોડાવાશે, રાજકોટ-દિલ્હી સરાઈ રોહિલા ટ્રેનને હરિદ્વાર સુધી લંબાવવા, રાજકોટ-મુંબઈ વચ્ચે સુપરફાસ્ટ ટ્રેન દોડાવવા વર્ષોથી માંગણી થઈ હોવા છતાં પણ રેલવે તંત્ર દાદ દેતું નથી તો સૌરાષ્ટ્રના સાંસદો પણ રેલવે પ્રધાન સમક્ષ ખોંખારીને રજૂઆત કરતા નથી.

નબળી નેતાગીરીના કારણે સુરેન્દ્રનગર-રાજકોટ ડબલ ટ્રેકનું કામ પણ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે. ગત વર્ષે બજેટમાં જાહેર થયેલી અને ઓખાથી અમૃતસર વચ્ચે દોડનારી આસ્થા એક્સપ્રેસ તેમજ જામનગર-બાંદ્રા વચ્ચે દોડનારી ઉદય એક્સપ્રેસની જાહેરાત થયાને એક વર્ષ થઈ ગયું છતાં આ ટ્રેનો શરૂ કરાઈ નથી.

સુરેન્દ્રનગરના રાજ્યસભાના સાંસદ શંકરભાઈ વેગડ ૩ માર્ચે રેલવે પ્રધાન સુરેશ પ્રભુને રૂબરૂ મળી અંત્યોદય એક્સપ્રેસ ફાળવવા રજૂઆત કરશે.

**અથવા**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મંગળવારે સિન્ડિકેટની બેઠક મળી હતી. જેમાં રિવાઈઝ્ડ બજેટ અને નવા નાણાકીય વર્ષના બજેટને મંજૂરી આપવા ઉપરાંત યુનિવર્સિટીના દરેક બિલ્ડિંગની છત પર સોલાર પેનલ મૂકવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી જરૂરી નિયમાનુસાર કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. તેમજ આગામી શૈક્ષણિક વર્ષથી કોલેજોની આંતરિક પરીક્ષામાંથી એમસીક્યુ રદ કરવા અને પ્રિલિમ્સ પરીક્ષા ફરજિયાત કરીને તેનું વેઇટેજ આંતરિક ગુણના ૫૦ ટકા રાખવા માટે સૈધ્ધાંતિક નિર્ણય કરાયો હતો.

કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને મળેલી સિન્ડિકેટની બેઠકમાં ડૉ. મેહુલ રૂપાણીએ તમામ વિદ્યાશાખાઓમાંથી અમુક જ વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલઅપાતા હોય જે વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલ અપાતા નથી તેમાં યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલ અપાય તેવું સૂચન કરતા તેને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. તેમજ એસ્ટેટ કમિટીની ૧૮ જાન્યુઆરીની બેઠકની કાર્યવાહીની નોંધ, ફાઈનાન્સ કમિટીની ૨૩ જાન્યુઆરીની બેઠકની નોંધ, એક્ઝામિનેશન ડિફોલ્ટ ઇન્કવાયરી કમિટીની ૧૬ જાન્યુઆરીની બેઠકની કાર્યવાહીની નોંધ બહાલ રાખવામાં આવી હતી. તેમજ પારિતોષિક આપવા અંગેની શરતોમાં સુધારો કરવા માટે નવી શરતો મંજૂર કરવામાં આવી હતી.

૩ અનુવાદના વિવિધ પ્રકારો વર્ણવો. ૧૪

**અથવા**

૩ કાવ્યાનુવાદ અને તેમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરો. ૧૪

૪ કોઈ પણ બેના ટૂંકમાં ઉત્તર આપો : ૧૪

(૧) નાટ્યાનુવાદ અને તેની સમસ્યા વિશે છણાવટ કરો.

(૨) જાહેરખબરના અનુવાદનું મહત્ત્વ જણાવો.

(૩) રાષ્ટ્રના વિકાસમાં અનુવાદનું યોગદાન વર્ણવો.

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**) ૧૪

(૧) અનુવાદની ભાષા

(૨) કહેવતો અને રૂઢિપ્રયોગનો અનુવાદ

(૩) ભાષાવિજ્ઞાન અને વાક્ય રચના.

## ENGLISH VERSION

1 Translate the following passage into Gujarati / Hindi : 14

STUDENTS ISLAMIC MOVEMENT OF INDIA (SIMI) Chief Safdar Nagori and 10 other activists of it were awarded life imprisonment. They were convicted in a 2008 sedition case by a special court here. Special additional sessions Judge B.K. Paloda pronounced all the 11 SIMI activists guilty. They were convicted under IPC sections 124 (A) and 153 (A). They were informed about the court's judgment through video - conferencing. Nagori is 45 year old while others are younger than him.

Nagori and six others were also convicted under IPC section 122. The court's judgement is 84 page long. Which came on Monday. It has made a very strong observation about these convicts' unlawful activities. 10 of the accused were lodged in Ahmedabad's Sabarmati Central Jail. The prosecution had produced 27 witnesses as evidence to prove crime against the SIMI activities.

**OR**

Two militants and a policeman died in a 12 hour gunbattle at Tral in South Kashmir. One of the militants was a Hizbul Muzahideen operative who was identified as Acquib Bhat. He was allegedly active in the area for the last three years. The other militant was Saif-ul-lah alias Osama, official sources said. Manzoor Ahmed Naik, a police constable of Uri was also killed in the gunbattle. The encounter started at 7 p.m. on Saturday continued till 6.30 the next morning, officials said. 'Manzoor was a brave soldier of the special operations group of J&K police and fought very well. The operation was conducted in a very professional manner.' DGP of the state S.P. Vaid said.

**2** Translate the following passage into English : **14**

રેલવે તંત્ર દ્વારા સૌરાષ્ટ્રને વારંવાર અન્યાય કરવામાં આવે છે. નવી ટ્રેનો અન્ય ડિવિઝનને ફાળવવામાં આવે છે, પરંતુ રાજકોટ કે ભાવનગર ડિવિઝનને નહીં. એ જ પ્રકારે ટ્રેનોની ફ્રિકવન્સી વધારવાની માંગણી પણ સંતોષાતી નથી. રેલવે મંત્રાલય દ્વારા ૭ નવી અંત્યોદય ટ્રેન દોડાવવા જાહેરાત કરવામાં આવી તેમાં પણ સૌરાષ્ટ્રનો સમાવેશ કરાયો નથી.

ગુજરાતને એક ટ્રેન મળી છે જે ઉધનાથી જયનગર વચ્ચે દોડશે પણ સૌરાષ્ટ્રને અન્યાય કરી અંત્યોદય એક્સપ્રેસ ફાળવાઈ નથી. રાજકોટ, હરિદ્વાર ટ્રેનને સપ્તાહમાં બે વાર દોડાવાશે, રાજકોટ-દિલ્હી સરાઈ રોહિલા ટ્રેનને હરિદ્વાર સુધી લંબાવવા, રાજકોટ-મુંબઈ વચ્ચે સુપરફાસ્ટ ટ્રેન દોડાવવા વર્ષોથી માંગણી થઈ હોવા છતાં પણ રેલવે તંત્ર દાદ દેતું નથી તો સૌરાષ્ટ્રના સાંસદો પણ રેલવે પ્રધાન સમક્ષ ખોંખારીને રજૂઆત કરતા નથી.

નબળી નેતાગીરીના કારણે સુરેન્દ્રનગર-રાજકોટ ડબલ ટ્રેકનું કામ પણ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે. ગત વર્ષે બજેટમાં જાહેર થયેલી અને ઓખાથી અમૃતસર વચ્ચે દોડનારી આસ્થા એક્સપ્રેસ તેમજ જામનગર-બાંદ્રા વચ્ચે દોડનારી ઉદય એક્સપ્રેસની જાહેરાત થયાને એક વર્ષ થઈ ગયું છતાં આ ટ્રેનો શરૂ કરાઈ નથી. સુરેન્દ્રનગરના રાજ્યસભાના સાંસદ શંકરભાઈ વેગડ ૩ માર્ચે રેલવે પ્રધાન સુરેશ પ્રભુને રૂબરૂ મળી અંત્યોદય એક્સપ્રેસ ફાળવવા રજૂઆત કરશે.

**અથવા**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મંગળવારે સિન્ડિકેટની બેઠક મળી હતી. જેમાં રિવાઈઝ્ડ બજેટ અને નવા નાણાકીય વર્ષના બજેટને મંજૂરી આપવા ઉપરાંત યુનિવર્સિટીના દરેક બિલ્ડિંગની છત પર સોલાર પેનલ મૂકવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી જરૂરી નિયમાનુસાર કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. તેમજ આગામી શૈક્ષણિક વર્ષથી કોલેજોની આંતરિક પરીક્ષામાંથી એમસીક્યુ રદ કરવા અને પ્રિલિમ્સ પરીક્ષા ફરજિયાત કરીને તેનું વેઇટેજ આંતરિક ગુણના ૫૦ ટકા રાખવા માટે સૈધ્ધાંતિક નિર્ણય કરાયો હતો.

કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને મળેલી સિન્ડિકેટની બેઠકમાં ડૉ. મેહુલ રૂપાણીએ તમામ વિદ્યાશાખાઓમાંથી અમુક જ વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલઅપાતા હોય જે વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલ અપાતા નથી તેમાં યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલ અપાય તેવું સૂચન કરતા તેને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. તેમજ એસ્ટેટ કમિટીની ૧૮ જાન્યુઆરીની બેઠકની કાર્યવાહીની નોંધ, ફાઈનાન્સ કમિટીની ૨૩ જાન્યુઆરીની બેઠકની નોંધ, એક્ઝામિનેશન ડિફોલ્ટ ઇન્કવાયરી કમિટીની ૧૬ જાન્યુઆરીની બેઠકની કાર્યવાહીની નોંધ બહાલ રાખવામાં આવી હતી. તેમજ પારિતોષિક આપવા અંગેની શરતોમાં સુધારો કરવા માટે નવી શરતો મંજૂર કરવામાં આવી હતી.

3 Describe various types of translation. **14**

**OR**

3 Discuss translation of poem and its difficulties. **14**

4 Answer any two in brief : **14**

(1) Discuss translation of drama and its problem

(2) Discuss importance of advertisement's translation

(3) Discuss role of translation in national development.

5 Write short notes on any **two** : **14**

(1) Language of translation

(2) Translation of idioms and phrase

(3) Language science and sentence formation.